મ. પ્રે, ગાં. (એચ) ૪૮૨—૪૦૦૦—૭—૮૭

<u>સરકારી કર્મચારીઓની હડતાલ બાબત</u>

# ગુજરાત સરકાર

## સામાન્ય વહીવટ વિભાગ

પરિપત્ર ક્રમાંક : સીડીઆર-૧૧૮૬-૮૨૭-ક

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૭.

**વંચાણમાં લીધા:—** (૧) સા. વ. વિ.ના તા. ૨૬મી ડિસેમ્બર, ૧૯૮૫નો પરિપત્ર ક્રમાંક : ક્રમમ-૧૧૮૫-૩૯૯૨-ક,
(૨) સા. વ. વિ.ના તા. ૨૦મી જાન્યુઆરી, ૧૯૮૬નો પરિપત્ર ક્રમાંક : ક્રમમ-૧૧૮૫-૩૯૯૨-ક,
(૩) સા. વ. વિ.ના તા. ૪થી એપ્રિલ, ૧૯૮૬નો પરિપત્ર ક્રમાંક : ક્રમમ-૧૧૮૫-૩૯૯૨-ક.

## પરિપત્ર

ઉપર જણાવેલ ક્રમ—૧ના તા. ૨૬મી ડિસેમ્બર, ૧૯૮૫ના પરિપત્રની જોગવાઈઓ બાબતમાં સરકારને મળેલી રજૂઆતોની કાળજીભરી વિચારણાને અંતે ઉક્ત પરિપત્રના ફકરા—૨ની પ્રવર્તમાન જોગવાઈઓને બદલે નીચે મુજબનો ફકરો—૨ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે :—

"૨. ઉપરોક્ત પરિસ્થિતિની નજરે સરકાર વિચારણા કરીને ઠરાવે છે કે જે સરકારી/પંચાયત કર્મચારીઓ હડતાલ પર જશે કે આખા દિવસની કે અંશત: સમયની કલમબંધી પાળશે કે, સામૂહિક પરચૂરણ રજા ઉપર જશે કે હડતાલની વ્યાખ્યામાં આવે તેવી અન્ય કોઈ કાર્યવાહી કરશે તો તેઓની તે દિવસની ગેરહાજરીને **બિનપગારી રજા ગણવામાં આવશે** અને આવી ગેરહાજરી માટે જવાબદાર હોય તેવા કર્મચારીને તે દિવસના પગાર અને ભથ્થા મળવાપાત્ર રહેશે નહિ."

૨. ઉપર ક્રમ—૨ પર જણાવેલ તા. ૨૦/૧/૮૬ના પરિપત્રમાં જ્યાં જ્યાં "બિન અધિકૃત ગેરહાજરી" કે " Un authorised" શબ્દો લખાયા છે તે શબ્દોને બદલે "બિન પગારી રજા" શબ્દો રાખવા.

૩. ઉપર ક્રમ—૩ પર જણાવેલ તા. ૪/૪/૮૬ના પરિપત્રમાં જ્યાં જ્યાં "અન-અધિકૃત રીતે" શબ્દો લખાયાં છે તે શબ્દોને બદલે "હડતાલ સંદર્ભે" શબ્દો રાખવા.

૪. આ સુધારાઓ ક્રમ—૧ના તા. ૨૬/૧૨/૮૫ના હુકમોના સંદર્ભે ગણાવાના રહેશે.

૫. આ હુકમો તા. ૨૬/૧૨/૮૫ના દિવસથી અમલમાં આવ્યા છે તેમ ગણાશે.

અનિલ ભટ્ટ,
ઉપસચિવ અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.